# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં. LA ૩૪૧
# સમયસાર ગાથા-૩૭૩-૩૮૨
# પર્યુષણ પર્વ-ઉત્તમ ક્ષમાધર્મ

Version 1

આજથી દસ દિવસ સુધી પર્યુષણ પર્વાધિરાજના માંગલિક દિવસો શરૂ થાય છે. ગુરુદેવે તો પર્યુષણ પર્વ એટલે શુદ્ધાત્માની આરાધના કરવી, તેની સેવા કરવી, એને અંતર સન્મુખ થઇને અનુભવ કરવો આત્માનો, એનું નામ પર્યુષણ પર્વ કહેવામાં આવે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી, ચારે તરફથી અંતર્મુખ થઇને, અને એના ભેદોને પણ લક્ષમાંથી છોડીને, અભેદ આત્માનો અનુભવ કરવો, આરાધના કરવી, આ એનું નામ પર્યુષણ પર્વ કહેવામાં આવે છે.

અનંત-અનંત કાળથી આત્મા પોતાના સ્વભાવને ભૂલીને વિરાધના કરી રહ્યો છે. અને વિરાધના કરીને એ અહીંયા જન્મ્યો છે. સમ્યગ્દ્રષ્ટિનો જન્મ અહીંયાં થતો નથી. અહીંયા જન્મ્યા પછી સમ્યગ્દ્રષ્ટિ થઇ શકે છે પણ એ આવે તો મિથ્યાત્વ લઇને જ અહીંયા આવે છે. પૂર્વ ભવમાં સમ્યગ્દર્શન હોય અને એનું આયુષ્ય પૂરું થાય તો એ સ્વર્ગમાં જાય પણ અહીંયા ન આવે, મનુષ્ય તરીકે, એવો નિયમ છે. તો અનંત-અનંત કાળથી જે આત્માને ભૂલીને પરને પોતાનું માનવું એનું નામ વિરાધના છે. એનું નામ અપરાધ છે.

અને પુણ્ય-પાપના પરિણામથી અને ઇન્દ્રિયજ્ઞાનથી ભિન્ન, અતીન્દ્રિય જ્ઞાનમય આત્માનો અનુભવ કરવો, એનું નામ આરાધના છે. આ આરાધનાના દિવસો છે. એમાં આજે પ્રથમ ઉત્તમ ક્ષમાનો દિવસ છે. એના ઉપર પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનો તો થઇ ચૂક્યા છે. એ થોડું પહેલા એમાંથી લેવામાં આવે છે.

**ઉત્તમ ક્ષમા ધર્મ-દસ લક્ષણ પર્વ.**

આજથી દસલક્ષણ પર્વ શરૂ થાય છે. પહેલો દિવસ ઉત્તમ ક્ષમાનો છે. ચારિત્ર દશામાં વર્તતા મુનિઓને ઉત્તમ ક્ષમા આદિ દસ પ્રકારના ધર્મો હોય છે. એ ઉત્તમ ક્ષમા વગેરેથી ચારિત્રદશા શોભે છે, હોય છે. તે ચારિત્ર મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન અને સમ્યકજ્ઞાન તે ચારિત્રનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનને મોક્ષમાર્ગમાં કહેવો તે ઉપચાર છે. કેમકે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન થયા હોય તેને સમ્યકચારિત્ર અલ્પકાળે અવશ્ય પ્રગટે છે. તેથી સમ્યક્દર્શન થતાં જ મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. પણ મોક્ષ માટે સાક્ષાત્ કારણ તો વીતરાગી ચારિત્ર, એટલે શુદ્ધોપયોગની દશા. શુદ્ધ પરિણતી પણ પરંપરા કારણ છે.

છઠ્ઠા (ગુણસ્થાન)ની પરિણતિ જે શુદ્ધ છે ત્રણ કષાયના અભાવપૂર્વક મુનિરાજની, અંદરમાં ભાવલિંગ પ્રગટ થઇ ગયું છે અને બહારમાં દ્રવ્યલિંગ હોય. એને વસ્ત્રનો તાણોવાણો ન હોય. એને મોરપીંછી અને કમંડળ ઉપકરણ સહિતના બહારના સાધનો હોય છે. એવી કોઇ શુદ્ધોપયોગની દશા સાતમે, આઠમે, નવમે, દસમે, બારમે, એને ખરેખર સાક્ષાત મોક્ષનું કારણ કહેવામાં આવે છે.

ચોથા ગુણસ્થાનથી શુદ્ધપરિણતિ પણ પરંપરા મોક્ષનું કારણ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન પણ ચોથા-પાંચમાવાળાને પણ પરંપરા મોક્ષનું કારણ છે. રાગ તો પરંપરાએ પણ મોક્ષનું કારણ નથી. એ તો વર્તમાનમાં પણ બંધનું કારણ અને પરંપરા લંબાવે રાગ, તો પણ એ બંધના કારણરૂપે રહેલો રાગ છે.

તે ચારિત્ર દશાના ઉત્તમક્ષમા આદિ દસ પ્રકાર છે. તે ઉત્તમક્ષમા આદિ દસ પ્રકારના ધર્મની આરાધનાનું પર્વ આજથી શરૂ થાય છે, આહાહા! એટલે આ દસ (દિવસ) જે, ૧૦ દિવસ જ છે એટલી જ આરાધના કરવી અને બાકીના દિવસોમાં વિરાધના કરવી, એમ છે નહીં. પણ એ બાર મહિનામાં એને અલ્પ ટાઇમ મળ્યો હોય તો આ દસ દિવસમાં પૂરો ટાઇમ કાઢીને એની આરાધના કરવાનો ટાઇમ કાઢવો જોઇએ. દસ દિવસ તો ખરેખર વેપારથી પણ નિવૃત્તિ લેવી જોઇએ, આહાહા! અને એકલી આરાધના સ્વરૂપમાં, સ્વરૂપનો વિચાર અને સ્વરૂપનો અનુભવ કરવાનો પ્રયત્ન અને અનુભવ થાય તો વિશેષ ઠરવાનો પ્રયત્ન, એ પ્રકારની આરાધનાના દિવસો છે.

દસ લક્ષણ પર્વ એટલે મોક્ષની આરાધનાનો મહોત્સવ. આજથી આ મહોત્સવ શરૂ થયો છે. ઉત્તમ ક્ષમાની વ્યાખ્યા, ગુરુદેવના શ્રીમુખે થયેલી વ્યાખ્યા છે, આહાહા! પંચમકાળમાં આ પુરુષ પાક્યો. જાણે આપણા માટે જ એણે અહીંયા જન્મ લીધો હોય, એવો બનાવ બની ગયો. તદ્દન અંધારું હતું, આહાહા! આજનો દિવસો ઉત્તમ ક્ષમાનો ગણાય છે. સમ્યગ્દર્શન વગર ઉત્તમ ક્ષમા હોય જ નહીં. લૌકિકમાં શુભભાવને ક્ષમા કહેવાય છે. પરસ્પર વેરભાવ થયો હોય તો પરસ્પર ક્ષમા પ્રદાન કરે એટલે એનું મન હળવું થઇ જાય કષાયથી, એ પ્રકારનો શુભભાવ હોય છે. એ શુભભાવને ક્ષમા કહેવાય છે તેનો નિષેધ કરવા અહીંયા ઉત્તમ ક્ષમા એમ કહ્યું છે.

આહાહા! ક્ષમાની આગળ જે "ઉત્તમ" શબ્દ વાપરવામાં આવ્યો છે, લખવામાં આવ્યો છે તે વીતરાગી ક્ષમા છે. શુભભાવની ક્ષમા, એ તો બંધનું કારણ છે અને ચારિત્રવંત ધર્માત્માઓને વીતરાગી ક્ષમા હોય છે. એ ક્ષમા, એ ચારિત્ર, એ મોક્ષનું કારણ છે. પછી કહેશે ચોથે, પાંચમે પણ જઘન્ય એવી ઉત્તમ ક્ષમા હોય છે. નિશ્ચયથી પોતાનો આત્મસ્વભાવ ત્રિકાળ જ્ઞાયક મૂર્તિ છે. જાણનાર-જાણનાર-જાણનાર છે. તેની ઓળખાણ અને બહુમાન કરવું, આત્માનું, તથા રાગ-દ્વેષ ક્રોધાદિની રૂચિ છોડવી.

રાગ-દ્વેષને છોડવા એમ કહેતા નથી પણ રાગની રૂચિ છોડવી. ઇન્દ્રિયજ્ઞાન છોડવું એમ નહીં પણ ઇન્દ્રિયજ્ઞાનની રૂચિ છોડવી, આહાહા! કે ઇન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન નથી એમ જાણવું. અને રાગ તે એકલા બંધનું કારણ છે પણ મોક્ષનું કારણ નથી એમ જાણવું. તે ઉત્તમ ક્ષમાની આરાધના છે. આત્મસ્વભાવનો અનાદર કરીને પુણ્ય પાપની રૂચિ કરવી તે તો ક્રોધ છે. સ્વભાવને છોડીને પુણ્યની રૂચિ કરવી, શુભભાવ મીઠો લાગે, એ હિતનું કારણ લાગે, એ તો કહે છે કે એ ક્રોધ છે. આત્માની અરૂચિ એનું નામ ક્રોધ છે. અને આત્મસ્વભાવના આદર વડે પુણ્ય પાપની રૂચિ છોડી દેવી એ ઉત્તમ ક્ષમા છે.

દસ દિવસને પર્વ કહેવું તે તો ઉપચાર છે. આત્માના સ્વભાવની ઓળખાણ પૂર્વક, ચારિત્ર ધર્મની દસ પ્રકારે આરાધના કરવી તે સાધક જીવનું સાચું પર્વ છે. પર્વ એટલે આરાધના. તે

આરાધનાનો આરોપ કરીને અમુક દિવસને પણ પર્વ કહેવું તે વ્યવહાર છે. વળી આત્મા પોતામાં આરાધકભાવ પ્રગટ કરે, નિશ્ચય મોક્ષમાર્ગ, તેને માટે દિવસને વ્યવહારથી પર્વ કહેવાય. પણ જેને આત્માનું ભાન નથી, જ્ઞાન નથી, તેને પોતામાં જ પર્વ નથી તો દિવસોમાં ઉપચાર કોનો કરવો? એટલે આજે ઉત્તમ ક્ષમાનો પ્રથમ દિવસ છે. વીતરાગી ક્ષમા.

હવે, એ ચારિત્રના જે દસ ધર્મ કહ્યા, એ વીતરાગી ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. એ સમ્યગ્દર્શન અને જ્ઞાન કેમ પ્રગટ થાય પ્રથમ, એના માટે સમયસારની રચના થઇ ગઇ છે. અનાદિ અપ્રતિબુધ્ધ જીવને (માટે છે), મુનિરાજ માટે નથી આ સમયસાર, પણ અનાદિ અજ્ઞાની જે પોતાના શુધ્ધાત્માનો અજાણ છે, મિથ્યાદ્રષ્ટિ, વિપરીત દ્રષ્ટિ છે એવા જીવોને પ્રથમ ભેદજ્ઞાન કરી, અભેદનો અનુભવ કરી અને સમ્યગ્દર્શન અને જ્ઞાન કેમ પ્રગટ થાય એના માટે આ શાસ્ત્રની રચના કરવામાં આવી છે. આચાર્ય ભગવાન પોતે જ કહે છે, કે હું એકત્વ-વિભક્ત આત્માની વાત કહીશ.

હમણાં આપણે ટેપમાં પણ સાંભળ્યું. કે રાગાદિથી ભિન્ન જ્ઞાયકનું લક્ષ કરવું અને રાગાદિ પરભાવનું લક્ષ છોડવું, એનું નામ એકત્વ-વિભક્ત કહેવામાં આવે છે. અનંતગુણથી આત્મા એકરૂપ છે અને સર્વ પ્રકારના વિભાવભાવથી વિભક્ત નામ ભિન્ન છે. એ વિભાવના બે પ્રકાર છે. એક રાગને પણ વિભાવ કહેવાય અને એક રાગને જાણનારું જે ઇન્દ્રિયજ્ઞાન, એ પણ વિભાવભાવ છે. એ સ્વભાવભાવ નથી કેમકે ઇન્દ્રિયજ્ઞાનનો તો અભાવ થાય છે કેવળજ્ઞાન થાય ત્યારે. જો ઇન્દ્રિયજ્ઞાન સ્વભાવ હોય અને રાગ સ્વભાવ હોય તો રાગને ઇન્દ્રિયજ્ઞાન બેય રહેવા જોઇએ, પણ રહેતા નથી માટે એ વિભાવ છે. નીકળી જાય છે, દ્રવ્યમાં તો એ નથી, પણ બહુ ઊંડેથી લાંબો વિચાર કરવામાં આવે તો એ પર્યાયનો પણ સ્વભાવ નથી કેમકે નીકળી જાય છે.

દ્રવ્યસ્વભાવમાં, અતિન્દ્રિયજ્ઞાનમય આત્મામાં ઇન્દ્રિયજ્ઞાનનો તો અભાવ છે, સર્વથા અભાવ છે, સર્વથા ભિન્ન છે. કથંચિત્ ભિન્ન-અભિન્ન નથી. એમ રાગાદિ સર્વથા ભિન્ન છે આત્મામાં. આત્મામાં તો સર્વથા ભિન્ન છે પણ એક સમયની પર્યાયમાં જ્યાં સુધી હોય, ત્યાં સુધી એમાં એનો સદ્ભાવ હોય છે. શું કહ્યું? અજમેરાભાઇ! ભગવાન આત્મામાં તો ઇન્દ્રિયજ્ઞાન અને રાગ, એનો તો ત્રણે કાળ અભાવ છે. જ્યારે સદ્ભાવ પર્યાયમાં છે, પરલક્ષી ઉઘાડ ઇન્દ્રિયજ્ઞાનનો અને પરલક્ષી રાગ, એનો પર્યાયમાં જ્યાં સુધી સદ્ભાવ છે અજ્ઞાનીને પણ, ત્યાં સુધી પણ એ પર્યાયમાં એ ભાવો સમય પૂરતા છે, પણ એ આત્મામાં એનો સર્વથા અભાવ છે. એ દ્રવ્યમાં તો નથી અને પર્યાયમાં પણ સમયવર્તી છે, ત્રિકાળવર્તી નથી.

શું કહ્યું? આ મિથ્યાત્વ છેને? એ પર્યાયમાં પણ ત્રિકાળવર્તી નથી, સમયવર્તી છે. મનુભાઇ! આ સમજવા જેવું છે. મિથ્યાત્વનો રાગ, ભગવાન જ્ઞાયક પરમાત્મામાં તો એનો અભાવ છે, આહાહા! અને પર્યાયમાં સદ્ભાવ છે પણ પર્યાયમાં પણ સમયવર્તી સદ્ભાવ છે. ત્રિકાળવર્તી મિથ્યાત્વ રહેતું નથી. અને ઇન્દ્રિયજ્ઞાનનો પણ, છે ત્યાં સુધી પર્યાયમાં સદ્ભાવ છે. જરા પર્યાય ધર્મને જો લંબાવીને, દ્રવ્ય પર દ્રષ્ટિ રાખીને, એ શર્ત છે. દ્રવ્ય ઉપર દ્રષ્ટિ રાખીને, દ્રવ્યને જોતાં-જોતાં જો પર્યાયને જોઇશને, દ્રવ્યને જોતાં-જોતાં જો પર્યાયને જોઇશને, તો તને પર્યાયમાં પણ ઇન્દ્રિયજ્ઞાન અને રાગ લાંબો કાળ રહેશે, એમ દેખાતું નથી. એનો અભાવ થઇ જશે એમ દેખાય છે. એવા

પર્યાયના દર્શન થઇ જાય છે.

ભગવાનઆત્મામાં તો ઇન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે એમાં પરલક્ષી ઇન્દ્રિયજ્ઞાન ક્યાં છે? એ તો વિભાવ છે, એનો તો સ્વભાવમાં ત્રિકાળ અભાવ છે. પણ એક સમયની પરલક્ષવાળી, શાસ્ત્રના લક્ષવાળું જે જ્ઞાન, એ શાસ્ત્રના સંબંધવાળું જે જ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન, માનસિકજ્ઞાન, એ ઇન્દ્રિયજ્ઞાનનો પણ એક પર્યાયમાં પણ, આહાહા! એ ક્ષણિક તાદાત્મ્ય છે. શું કહ્યું? ઇન્દ્રિયજ્ઞાન પણ, અતિન્દ્રિય જ્ઞાનમય ભગવાન આત્મામાં તો એ નથી પણ, પર્યાયમાં છે ત્યાં સુધી છે. અને પર્યાયમાં રાગ છે ત્યાં સુધી છે. પણ પર્યાયમાં પણ ત્રિકાળ રહે રાગ, અજ્ઞાનીની પર્યાયમાં પણ ત્રિકાળ, અનાદિઅનંત રાગ રહે પર્યાયમાં કે પર્યાયમાં ઇન્દ્રિયજ્ઞાન રહે એવો પર્યાયનો સ્વભાવ નથી.

એકલું સ્વભાવનું લક્ષ કરીને, અરે! અનુભવ પહેલા સ્વભાવનું અધિકતા કરીને, સ્વભાવ ઉપર, આહાહા! સ્વભાવને જોતાં-જોતાં પર્યાયને જોઇશને તો પર્યાયમાં રાગ લંબાતો નહીં દેખાય, ઇન્દ્રિયજ્ઞાન લંબાતું નહીં દેખાય. કેવળજ્ઞાન દેખાશે તને, યથાખ્યાતચારિત્ર દેખાશે. પર્યાયમાં અત્યારે, હોં! આહાહા! એવો પર્યાયનો સ્વભાવ છે. પર્યાયમાં મિથ્યાત્વ રહે? આહાહા! ભલે એક સમય પૂરતો હો પણ ત્રિકાળવર્તી નથી.

પાણી ઉષ્ણ થાય કેટલો ટાઇમ રહે? થોડા ટાઇમ. શરીરમાં તાવ આવે તો કેટલો ટાઇમ? થોડો ટાઇમ, પછી નોર્મલ થઇ જાય છે કે નહીં? એ પર્યાયમાં ઉષ્ણતા આવીને? એ ઉષ્ણતા લાંબો ટાઇમ રહેતી નથી. એ ડોકટરનું કહેવું માને કે ત્રણ દિવસે તાવ ઉતરી જશે. જ્ઞાનીઓ કહે છે કે પર્યાયમાં મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે, સમયવર્તી છે, ત્રિકાળવર્તી નથી, માટે નીકળી જશે. સ્વભાવનું અવલંબન લેતાં એનો અભાવ ચપટી માત્રમાં થઇ જશે. ક્ષણ માત્રમાં, આહાહા!

**ઉપજે મોહ મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર!**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર.**

અનાદિનું મિથ્યાત્વ હતુ. ગણેશભાઇ! એ પર્યાયમાંથી મિથ્યાત્વ જતાં કેટલા દિવસ લાગતા હશે, રમેશ?

મુમુક્ષુ :- એક ક્ષણ.

ઉત્તર :- એક ક્ષણ, સમય માત્ર. આહાહા! મિથ્યાત્વની ચિંતા છોડી દે. આત્માનો સ્વભાવ જેવો છે એવું રટણ કર, આપોઆપ મિથ્યાત્વનો અભાવ થઇ જશે. જે સ્વભાવને ભૂલે છે એની પર્યાયમાં રાગ હોય. રાગની રૂચિ કરે ત્યાં સુધી રાગ હોય. પણ રાગની રૂચિ છોડીને સ્વભાવનું લક્ષ કરે ત્યારે પર્યાયમાં પણ વિભાવભાવનો અભાવ થઇ **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિં** મોક્ષમાર્ગ પ્રગટ થાય. એવો પર્યાયનો સ્વભાવ છે. પર્યાયમાં લાંબો ટાઇમ નહીં રહે.

આવા ગુરુ મળ્યા. આવી જિનવાણી તને મળી, આહાહા! આવા સમયસાર આદિ શાસ્ત્ર મળ્યા. કુંદકુંદઆચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય જેવા સંતો મળ્યા અને એને સમજાવનારા ઉપકારી ગુરુ મળે અને એને સંસાર રહે એમ ન બને. આહાહા! ગુરુની ઓળખાણ થાય અને ગુરુ કહે છે એમ કરે અને સંસાર રહે, એમ બનવાનું નથી. આહાહા! આરાધનાના દિવસ છેને આતો? હાય! હાય! અમે

મિથ્યાદ્રષ્ટિ! અરે! અમે ભગવાન છીએ એમ લ્યોને? મિથ્યાદ્રષ્ટિને શું કામ યાદ કરો છો? તમે મિથ્યાદ્રષ્ટિ તો છો નહીં. તમે ભગવાન આત્મા છો.

ગુરુદેવે શું કહ્યું? ભગવાન આત્મા છે બધાઈ. આહાહા! આ વિભાવને યાદ કરે છે બોલો, આહાહા! કોઇ નિર્ધન હોય એવી નિર્ધન દશા કાયમ રહે એમ છે? આહાહા! થોડા ટાઇમમાં સારું થઇ જશે. બ્રાહ્મણ-જ્યોતિષી, આવી ને કહે કે છ મહિનામાં તારો પુણ્યનો ઉદય થશે. તો એનું માને અને સંતો કહે છે વધારેમાં વધારે છ મહિના અભ્યાસ કર તો સમ્યગ્દર્શન થશે. એવા મોટા જ્યોતિષીનું તું માનતો નથી, આહાહા! ત્રિકાળવર્તી સર્વજ્ઞ ભગવાન અને એના સંતો મોટા જ્યોતિષી છે, હોં એ! અને જ્યોતિષ ફરે નહીં, આહાહા!

આવા ચારિત્રના દિવસો છે આ. મુનિરાજને ઉત્તમ ક્ષમા હોય છે. અહીંયા હવે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? એના માટે સર્વવિશુધ્ધજ્ઞાન અધિકાર સમયસારનું છે, અને એની ગાથા ૩૭૩થી ૩૮૨, એવી દશ ગાથા લેવાનો ભાવ, સ્વાધ્યાય કરવાનો ભાવ આવ્યો છે.

એની ઉપર મથાળું છે. ગાથા જે છેને? હરિગીત, એની ઉપર એનું મથાળું. શિર્ષક. શું આમાં આવવાનું છે? એ પંડિતજી પોતે લખે છે. જયચંદપર્ડિત થઇ ગયા, જયપુરમાં. પોણા બસ્સો-બસ્સો વર્ષ પહેલા. એણે આ અનુવાદ કર્યો છે. એનું આ લખાણ છે.

**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ**, રમેશ મળ્યું? **સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્ગલો,** ગુણ, આ શબ્દ રૂપે કોણ પરિણમતો હશે? આત્મા કે પુદ્ગલ? આહાહા! ત્યાં ગુરુદેવ કહે વાણિયાને વિચાર કરવાનો ટાઇમ મળતો નથી. શબ્દરૂપે પુદ્ગલ પરિણમે છે. કિશોરભાઇ! આત્મા શબ્દ રૂપે પરિણમતો નથી માટે શબ્દની પર્યાયનો કર્તા આત્મા નથી. આહાહા! પુદ્ગલ પરિણમે છે એમ લખ્યું આમાં. **પરિણમતાં પુદ્ગલો, આત્માને કાંઇ કહેતા નથી કે 'તું અમને જાણ',** એકદમ ઊંચા પ્રકારની ગાથા છે. અતિન્દ્રિયજ્ઞાનમય આત્મા અને ઇન્દ્રિયજ્ઞાન બે વચ્ચેના ભેદજ્ઞાનનો ફેંસલો છે.

આત્મા અને રાગ વચ્ચેનો ફેંસલો તો આખા સમયસારમાં, આત્મા અને આસ્રવ ભિન્ન છે એ વાત તો ઠેકઠેકાણે આવે છે. પણ ઇન્દ્રિયજ્ઞાનથી અતિન્દ્રિયજ્ઞાનમય જ્ઞાયક આત્મા ભિન્ન-ભિન્ન છે, એ બે તત્ત્વ, એ વાત થોડી આવે છે શાસ્ત્રોમાં. પણ આવી તો છે. આવી તો છે. સમયસારમાં પણ ઘણી જગ્યાએ છે, આ એક જગ્યાએ નથી, આહાહા! ઘણી જગ્યાએ છે, છૂટી છવાઇ.

એ વાત કહે છે કે સ્પર્શ આદિ પદાર્થો, શબ્દાદિ પદાર્થો **આત્માને કહેતા નથી કે તું અમને જાણ**. શબ્દ એમ કહેતો નથી કે તું અમને જાણ. ધીરજ, શું કહ્યું? શબ્દ એમ કહેતો નથી કે તું અમને જાણ. આ જે શબ્દ નીકળ્યોને, તમારા કાન ઉપર આવ્યોને, કાન સુધી આવે છે એ. એનાથી આગળ જતો નથી. કર્ણેન્દ્રિયનો વિષય છે એ. જ્ઞાનનો વિષય નથી. સમજાશે ધીમે ધીમે. દસ દિવસ આપણા હાથમાં છે. એક દિવસ હોય તો જરા કઠણ પડે. દસ દિવસ છેને એટલે સમજાશે. નહીં સમજાય એ તો કાઢી જ નાખવાનું. આમ (ના ના) તો કરવું નહીં. અને સમજ્યા વિના આમ (હા) નહી કરવું. આમ કરવું. (સમજવું) બરાબર સમજાય ત્યારે આમ (હા) કરવું. આમ (ના) તો કરીશ મા.

આ જિનેન્દ્રભગવાનની વાણી, ત્રણ લોકના નાથની વાણી, કુંદકુંદાચાર્ય ભગવાનની વાણી

આવી છે. આહાહા! કે એમ **કહેતા નથી કે 'તું અમને જાણ', અને આત્મા પણ**, ઓલા (પુદ્ગલ) પક્ષથી કહ્યું. હવે આ (જીવ) પક્ષથી વાત કરે છે. શબ્દો નીકળે છે, એ એમ કહેતા નથી શબ્દો-જડ, આત્માને એમ કહેતા નથી કે તું મને સાંભળ. તું મને જાણ. એમ શબ્દ જડ છે. એ કાંઇ કહે આત્માને કે તું મને જાણ? એમ કહેતા નથી. અને અહીંયા (જીવ) પક્ષે વાત કરે છે.

**અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને**, પોતાને જાણવાનું છોડીને, આહાહા! અમૃત જેવી ગાથા છે. આત્મા જ્ઞાનાનંદ પરમાત્મા એનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગમાં નિરંતર બાળ-ગોપાળ (બધાને) ભગવાન આત્મા એમાં જણાઇ રહ્યો છે. એ પોતાને જાણવાનું છોડીને એ શબ્દને જાણવા જતો નથી. ત્યારે કોણ એને જાણે છે? એવા પ્રશ્નો ઘણાં આવશે. એના પ્રશ્નનો ઉત્તર પણ આમાં બધા આવશે ધીમે-ધીમે-ધીમે. ધીમે ધીમે આવેને? એક સાથે બધી વાત ન થાય.

બે વાત કરી. શબ્દ એમ કહેતો નથી કે તું મને જાણ. અને આ આત્મા છે, બધાના આત્માની વાત છે હોં! આ આત્માનો સ્વભાવ આત્માને જાણવાનો છે. શબ્દને જાણવાનો નથી. શબ્દને જાણવાનો હોય તો-તો શબ્દને જાણે. પણ આચાર્ય ભગવાન કહે છે કે શબ્દને જાણનારું જ્ઞાન જુદું ને આત્માને જાણનારું જ્ઞાન જુદું. અંદર બે ભાગ પડેલા છે. સાંભળ તું! આહાહા! એકત્વ-વિભક્ત આત્માની વાત હું કહીશ.

શબ્દ એમ કહેતા નથી કે તું મને સાંભળ અને આત્મા પણ પોતાના સ્થાનથી એટલે પોતાને જાણવાનું છોડીને, આહાહા! એને જાણવા જતો નથી. એટલે એનું લક્ષ કરીને જાણે એવો આત્મા સ્વભાવ નથી. આહાહા! આત્માને જાણવાનું છોડે નહીં અને શબ્દને જાણવા જાય નહીં અને શબ્દ કહેતું નથી કે 'તું અમને જાણ'. આહાહા! અંદરમાંથી હા આવી જશે એવી વાત છે આ. કુંદકુંદની વાણી છે. **તેમને જાણવા જતો નથી,** આહાહા!

**બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે**. પુદ્ગલ શબ્દરૂપે પરિણમે છે અને આત્મા પોતાને જાણવારૂપે પરિણમે છે. પોતાને પણ જાણે અને પરને જાણે એવું સ્વરૂપ છે નહીં. અમને બધી ખબર છે. આવશે સ્વપરપ્રકાશકનો, ખુલાસો તો આવશે. આવે તો ખરોને, ભાઇ! સ્વને જાણે અને શબ્દને પણ જાણે. વ્યવહારે એ બધું આવે છે, શાસ્ત્રમાં આવે છે, તો એનું શું? એનો તો ખુલાસો આસ્તે-આસ્તે, ધીમે-ધીમે, આહાહા! ખુલાસા તો બધા આવશે.

પરમાર્થની વાત એણે સાંભળી નથી. વ્યવહારની વાત બધી એણે સાંભળી છે. વ્યવહાર સાચો લાગ્યો છે. આ વ્યવહાર સાચો લાગ્યો (એનું ફળ) સંસાર ચાર ગતિનું દુ:ખ છે. જ્યારે વ્યવહાર જૂઠો લાગશે અને નિશ્ચય સાચો લાગશે ત્યારે એને અનુભૂતિ થશે. આહાહા! આ કાળમાં અનુભવ થઇ શકે છે. ચારિત્રદશા પણ પંચમકાળમાં આવી શકે છે. છઠ્ઠા-સાતમા સુધી આવી શકે છે. શ્રેણી નથી અત્યારે એટલે અરિહંત દશા અત્યારે નથી-નથી. તો છઠ્ઠું-સાતમું જો આવી શકે આ પંચમકાળમાં છેડા સુધી, તો સમ્યગ્દર્શન અને જ્ઞાન તો સાધારણ છે, ગૃહસ્થોને થઇ શકે છે.

વેપાર કરવા છતાં હેયાહેયનું, ઘરકામ કરવા છતાં હેયાહેયનું જ્ઞાન, યોગસારમાં લીધું છે. આહાહા! સમ્યક્દર્શન માટે નગ્ન થવાની જરૂર નથી. આહાહા! ચારિત્ર દશા માટે નગ્ન દશા હોય છે. (મુનિ) એ કપડાવાળા ન હોય. પણ અહીંયા તો કહે છે, કપડા મારા નથી ને કપડાને હું જાણતો નથી.

હું તો જાણનારને જાણું છું. કપડા-કપડામાં રહી જાય છે. દેહ-દેહમાં રહી જાય છે. પરાવલંબી જ્ઞાન પરમાં રહી જાય છે અને અનુભૂતિ થઇ જાય છે. આહાહા! ગૃહસ્થીને અનુભવ થાય.

**બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે.** જડ-પુદ્ગલ શબ્દરૂપે પરિણમે છે અને આત્મા પોતાને જાણવારૂપે પરિણમે છે. આવી (વસ્તુ) સ્થિતિ છે. આ સ્થિતિનું વર્ણન છે. **આમ આત્મા પરપ્રત્યે ઉદાસીન (- સંબંધ વિનાનો તટસ્થ) છે,** આહાહા! આત્માને, શબ્દની સાથે જ્ઞાતા-જ્ઞેયના સંબંધનો અભાવ છે. એની સાથે જ્ઞાતા-જ્ઞેય સંબંધ ક્યારે થાય? કે અહીંથી જ્ઞાતા-જ્ઞેય સંબંધ છૂટે તો એની સાથે જ્ઞાતા-જ્ઞેય સંબંધ થાય. આત્મા જ્ઞાતા અને શબ્દની પર્યાય મારું જ્ઞેય, એમ છે નહીં. શબ્દની પર્યાય જો જ્ઞેય બનાવીશ તો શબ્દની પર્યાય તારું કર્મ થઈ જશે. જે જ્ઞેય થાય એ કર્મ થાય. માટે મારા જ્ઞાનનું જ્ઞેય તો મારો ભગવાન આત્મા છે. મારા જ્ઞાનનું જ્ઞેય શબ્દ નથી. આહાહા! આરાધનાના ઊંચા દિવસોમાં બધો ઊંચો જ માલ હોય. રોટલા-રોટલી તો રોજ મળે, સમજી ગયા? પણ મિષ્ટાન તો? સારા દિવસે મિષ્ટાન મળે. આ મિષ્ટાન છે. આહાહા!

કહે છે કે આત્મા પર પ્રત્યે ઉદાસ છે, એવો એનો સ્વભાવ છે. પરને લક્ષ કરીને જાણે એવો એનો સ્વભાવ નથી. પરપદાર્થનું, લોકાલોક જણાય ભલે, પણ એને જાણે નહીં. શબ્દ જણાય ભલે પણ શબ્દને જાણે નહીં. સ્વપરપ્રકાશક છેને? બેયનો પ્રતિભાસ થાય છે. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકનો પ્રતિભાસ છે અને શબ્દોનો પ્રતિભાસ તો થાય છે. પણ, હું શબ્દને જાણું છું એ અજ્ઞાની બની જાય છે. અને જાણનાર જણાય છે એ જ્ઞાની થઇ જાય છે. પછી શબ્દનો પ્રતિભાસ થાય છે એમ દેખીને એને વ્યવહારે જાણે છે એમ કહેવાય છે. અથવા ઇન્દ્રિયજ્ઞાન એને જાણતું દેખીને આત્મા એને જાણે છે એમ કહેવામાં આવે છે.

વાત જરા સૂક્ષ્મ છે પણ સમજાય. સૂક્ષ્મનો અર્થ ન સમજાય એવો નથી. સૂક્ષ્મ એટલે ઉપયોગને બીજે ન જવા દેવો. અને પોતાની માન્યતાને પોટલું વાળીને એક બાજુ રાખી દેવો. પોતાની માન્યતા છેને, ઇન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માન્યું છેને? ઇન્દ્રિયજ્ઞાન, જ્ઞાન માનીને બેઠો છે. એ જ્ઞેય છે. અજ્ઞાન છે. આહાહા! ઇન્દ્રિયજ્ઞાનના ઉદયથી અતિન્દ્રિય જ્ઞાનનો નાશ થાય છે. બાધક તત્ત્વ છે એ, ઘાતક છે. અહીંયાં એના પ્રત્યે ઉદાસ **તટસ્થ** જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ તો અહીંયા (આત્મામાં) છે. આ જ્ઞાતા ને શબ્દ નીકળે એ મારું જ્ઞેય એમ છે નહીં. આહાહા! એતો અસદ્ભૂત વ્યવહારનું કથન છે કે આત્મા પરને જાણે છે, એ સદ્ભૂત પણ નથી.

**(-સંબંધ વિનાનો, તટસ્થ છે), તો પણ અજ્ઞાની જીવ,** આમ હોવા છતાં, સ્વભાવ તો આવો છે. **તો પણ અજ્ઞાની પ્રાણી સ્પર્શાદિકને સારા-નરસા માનીને**, સ્પર્શાદિકને જોવે તો આ ઠીક ને આ અઠીક. એને જોવે તો ઠીક-અઠીક લાગેને? પણ એને જોવે નહીં ને જાણનારને જાણે તો? તો રાગ-દ્વેષની ઉત્પત્તિ નહીં થાય. **માનીને રાગીદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે**. **-આવા અર્થની ગાથાઓ હવે કહે છે :-** હવે દસ ગાથા મૂળ એક સાથ બધા બોલો.

**રે! પુદ્ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,**
**તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.**
**પુદ્ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,**

**તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે? ૩૭૪.**
**શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.**
**શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬**
**શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.**
**શુભ કે અશુભ રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮**
**શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.**
**શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.**
**શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.**
**–આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!**
**શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.**

દસ ગાથાના હરિગીતમાં આવી. મૂળ કુંદકુંદ ભગવાન બે હજાર વર્ષ પહેલા થયા. તેઓએ પ્રાકૃતમાં આ ગાથા બનાવી. ત્યાર પછી એક હજાર વર્ષે અમૃતચંદ્રાચાર્ય થયા. એણે આ જ ગાથાનું સંસ્કૃતમાં રચના કરી અને એની ટીકા પણ તેઓશ્રીએ કરી. એનો અર્થ અને એના ભાવાર્થ ને ટીકા હિન્દીમાં જયચંદ પંડિતે કરી.

હવે એક-એક ગાથા જે છે દસ ગાથા, એમાં એક-એક ગાથાનો આપણે જરા અર્થ લઈએ છીએ. દસ ગાથાનો અર્થ થયા પછી એની ટીકા પણ લેશું સંસ્કૃતની. પહેલા અર્થ એક એકનો લઇએ. ગાથાનો અર્થ – ૩૭૩ નંબરની ગાથા, પહેલી ગાથા છે, એનો અર્થ.

**બહુ પ્રકારના નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે પુદ્ગલો પરિણમે છે.** કોઇને ભાવ આવે નિંદાનો અને સ્તુતિનો સામાન્ય રીતે, તો એ જે શબ્દો પડે છે નિંદાના અથવા એની સ્તુતિના, નમસ્કાર કે તિરસ્કાર, એવા કોઇ વચનો નીકળે કોઇના, એ વચનનો કરનાર એ આત્મા નથી. એ વચન એણે કર્યા હોય, એ બોલતો હોય તો-તો તું એના પ્રત્યે રોષ-તોષ કર. પણ એ વચન તો સ્વયં નીકળે છે. અજ્ઞાની આત્મા પણ એનો કર્તા નથી, પરિણમાવનાર નથી. પુદ્ગલ પરિણમે છે બિચારા. એ જે નિંદાના અને સ્તુતિના એનો વિકલ્પ ઊઠયો, એ વિકલ્પ એમાં નિમિત્ત છે, ઉપચારથી આત્માને નિમિત્ત કહેવાય - અજ્ઞાનીના આત્માને, પણ ખરેખર એનો વિપાક કરતો (નથી). એ ભગવાન આત્મા છે. અને શબ્દની પર્યાય નિંદા અને સ્તુતિ રૂપે આવે છે, **એ પુદ્ગલો પરિણમે છે.**

એ નિંદા અને સ્તુતિ રૂપે ઓલો અજ્ઞાની જીવ પરિણમતો નથી. અજ્ઞાની તો એના અજ્ઞાન

ભાવે પરિણમે છે. અને પુદ્ગલો - એ પરિણમે છે નિંદા-સ્તુતિરૂપે. જીવ નિંદાના શબ્દોરૂપે કે સ્તુતિના શબ્દોરૂપે, જડરૂપે અજ્ઞાનીનો આત્મા પણ પરિણમતો નથી. આહાહા! એ શબ્દનો કર્તા પણ અજ્ઞાનીનો આત્મા નથી. આહાહા! કદાચિત્ એ અજ્ઞાન ભાવને એક સમય પૂરતો કરે તો કરો. પણ શબ્દરૂપે તો પરિણમે નહીં. એ શબ્દનો સ્વામી નથી. એ પોતે પુદ્ગલ શબ્દોરૂપે પરિણમે છે. નિંદા અને સ્તુતિનો જે શબ્દ આવ્યો - પર્યાય, એ પુદ્ગલ પરિણમે છે, સામે.

**તેમને સાંભળીને,** આહાહા! એટલે તેનું લક્ષ કરીને, **તેમને સાંભળીને** એટલે તેનું લક્ષ કરીને **અજ્ઞાની જીવ** શબ્દ પડયો છે. **અજ્ઞાની જીવ 'મને કહ્યું' એમ માનીને**, તને કહ્યું તો નથી પણ જાણે મને કહ્યું હોય. આ જાણે મને કહે છે. આહાહા! એમ માનીને, કહ્યું તો નથી એને. અને એ કહેતો નથી શબ્દ કે તું મારી સામે જો. પણ અજ્ઞાની સ્વભાવને ભૂલીને લક્ષ એનું કરે છે જાણે મને કહ્યું. **'મને કહ્યું' એમ માનીને.** આહાહા! શબ્દ કહેતો નથી બીજાને. શબ્દ તો પુદ્ગલ પરિણામે પરિણમે છે, પર્યાયે, સ્વતંત્રપણે. આહાહા! એ શબ્દથી જો બધાને રોષ-ક્રોધ થાય તો મુનિરાજને પણ થવો જોઇએ. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં પણ તો આવે છે, શબ્દના પરિણામ. તો એને પણ ક્રોધ આવવો જોઇએ. કાં રાગ આવે સ્તુતિના વચનથી. પણ એમ કેમ નથી થતું? કે જ્ઞાની એને જાણતો નથી.

અને જે એને જાણે છે તે આત્માનું જ્ઞાન નથી. અલૌકિક ગાથા છે. આહાહા! **'મને કહ્યું' એમ માનીને,** કલ્પના કરે છે મને કહ્યું-મને કહ્યું-આ મને કહ્યું. મને કહ્યું-આ મને કહ્યું, આ મને કહે છે-મને કહે છે, મને કહે છે, મને કહે છે, મને કહ્યું, મેં કહ્યું, મેં સાંભળ્યું કાનો કાન, આહાહા! **એમ માનીને રોષ તથા તોષ કરે છે,** આહાહા! રાગ અને દ્વેષ કરે છે. **(અર્થાત ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે)** કાં એકદમ પિત્તો ફાટી જાય. કેમ મને કહ્યું, આ? બાપુ! તને કહ્યું નથી. તને ક્યાં કહ્યું છે એ?

અને જે સાંભળે છે, એ કાન તારા નથી. તું તો કાન વગરનો છો. સાંભળવાનું સાધન તારી પાસે નથી. કાનનો આત્મામાં અભાવ છે. એનાથી સૂક્ષ્મ, જે આહિં કાન પાસે ભાવઇન્દ્રિયનો ઉઘાડ છેને, આહાહા! એણે સાંભળ્યું છે. મેં ક્યાં સાંભળ્યું છે? એનું ગ્રહણ ઇન્દ્રિયજ્ઞાન કરે છે. ભાવ ઇન્દ્રિયનો વિષય છે. તે આત્માનો ને આત્માના જ્ઞાનનો વિષય નથી. આ ઊંચા પ્રકારનો (માલ છે). ઊંચા દિવસો છેને? આરાધનાના?

મુમુક્ષુ :- બેયનો ડિપાર્ટમેન્ટ (departmant) જુદો છે.

ઉત્તર :- ડિપાર્ટમેન્ટ જુદો છે, અલગ છે. કોઇ ભાગ લાભ આત્માની સાથે (નથી). આહાહા. ઓના શબ્દને પણ નથી, આ કાનને ભાગલા નથી અને કાન તરફનો જે ઉઘાડ ભાવઇન્દ્રિય ખંડજ્ઞાન, આહાહા! એની સાથે એને જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ થયો છે. મારી સાથે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ થઇ શકતો નથી. આહાહા! આત્મા ભિન્ન, આત્મનું જ્ઞાન ભિન્ન, ઇન્દ્રિયજ્ઞાન ભિન્ન, રાગ ભિન્ન અને શબ્દ પણ ભિન્ન. બધુ ભિન્ને ભન્નિ છે, આહાહા! કોઇ કોઇને કહેતું નથી. શબ્દ કહેતું નથી કે તું મને સાંભળ. આહાહા! મફતનો એ પોતે કાં ગુસ્સે થાય કાં રાજી થાય. તું કહે, ઓહોહો! બહુ સારા અમારા વખાણ કર્યા. કે વખાણ કર્યા એ કેના વખાણ કર્યા? કોણે સાંભળ્યું? એનો તો વિચાર કર.

કોને કહ્યું ને કોણે સાંભળ્યું? કહેનાર કોણ ને સાંભળનાર કોણ? અને એનો જાણનાર કોણ? ને એનાથી ભિન્ન આત્માનો જાણનાર કોણ? ભેદજ્ઞાનની ગાથા છે. તને કાંઇ, મફતનો તું હાથે કરીને

દુ:ખી થાશ. મને કહ્યું-મને કહ્યું. તને તો કાંઇ કોઇ કહેતું નથી, આહાહા! બીજું, એ સાંભળવાનું જ્ઞાન તારી પાસે નથી.

મુમુક્ષુ :- તું કોણ છો? એ વિચાર કર.

ઉત્તર :- તું કોણ છો? વિચાર. મને કહ્યું, પણ મને કહ્યું મને એટલે કોને? આ કોને કહ્યું આ? એતો વિચાર કર, આહાહા! માથે મફતનું ઓઢી લે છે. આહાહા! કહેનાર કોણ? સાંભળનાર કોણ? એનો જાણનાર કોણ? એનાથી ભિન્ન આત્માનો જાણનાર કોણ? આહાહા! આ ભેદજ્ઞાનની વાત ચાલે છે. એ એક ગાથા થઇ.

હવે બીજી ગાથા. દસ વાગ્યા સુધી છેને? દસનો ટાઇમ? **પુદ્ગલદ્રવ્ય શબ્દપણે પરિણમ્યું છે.** પુદ્ગલદ્રવ્ય શબ્દરૂપે પરિણમે છે. એનો આત્મા તો શબ્દરૂપે પરિણમતો નથી. એનો આત્મા જુદો. (અને) શબ્દ નીકળે એ જુદો છે. બેની અંદર એકતા છે નહીં. **તેનો ગુણ,** જે પુદ્ગલ દ્રવ્ય શબ્દરૂપે પરિણમે, **તેનો ગુણ જો (તારાથી) અન્ય છે.** એ શબ્દની પર્યાય તારાથી જો ભિન્ન છે. તું તો જાણનાર દેખનાર જ્ઞાયક પ્રભુ આત્મા છો, અને જે શબ્દ પરિણમે છે સામે, એ શબ્દ, એ તો તારાથી ભિન્ન છે. પુદ્ગલ તો તારાથી ભિન્ન છે પણ પુદ્ગલનો જે ગુણ છે, નિંદા-સ્તુતિના શબ્દો પરિણમે છે, એવો જે ગુણ એટલે પર્યાય, શબ્દની પર્યાય, એ અન્ય નામ ભિન્ન છે આત્માથી. તારાથી અન્ય છે. આહાહા! તું તો જ્ઞાનમય આત્મા છો. શબ્દો તો પુદ્ગલની પર્યાય છે. પુદ્ગલ તારાથી ભિન્ન અને પુદ્ગલની જે અવસ્થા શબ્દરૂપે થઇ, એ પણ તારાથી ભિન્ન છે.

**તો હે અજ્ઞાની જીવ!** આહાહા! જે તારાથી ભિન્ન છે એને, **હે અજ્ઞાની જીવ! તને કાંઇ પણ કહ્યું નથી**. આહાહા! પુદ્ગલ, એ શબ્દરૂપે પરિણમે છે, પણ તને તો કાંઇ કહ્યું નથી. કે મારું નામ લઇને કહે છે. કે તારું નામ તો છે નહીં રવિચંદ, તારું નામ તો જ્ઞાયક છે. રવિચંદ તો તારું નામ નથી. રવિચંદને કહે તો કહે, એમાં તારે શું લેવા કે દેવા? તને લેવા-દેવા શું? તું તો રવિચંદ છો નહીં. તું તો આત્મા છો. આત્મા અરૂપી છે. એ (શબ્દ) તો એ જાણતો નથી મારા આત્માને. કહે ક્યાંથી મને? અને એને જાણવાનું જ્ઞાન પણ મારી પાસે નથી. તો કેવી રીતે હું એને જાણું? હું તો મારા આત્માને જાણતાં પરિણમું છું, બસ! આહાહા!

**તેનો ગુણ જો (તારાથી) અન્ય છે તો હે અજ્ઞાની જીવ! [તસ્માત્] હે અજ્ઞાની જીવ!** કરુણા કરીને કહે છે, હે અજ્ઞાની પ્રાણી! માથે ઓઢી લીધો મફતનો તે કજિયો કોકનો, આહાહા! **હે અજ્ઞાની જીવ! તને કાંઇ પણ કહ્યું નથી;** આહાહા! એણે તો **તને કાંઇ પણ કહ્યું નથી**. તો કોને કહ્યું છે? કે રવિચંદને કહ્યું હોય, તો રવિચંદ તો મારું સ્વરૂપ છે જ નહીં. એ તો આનું નામ છે (શરીરનું) કોથળાનું. હું તો રવિચંદ છું નહીં. હું તો ભગવાન આત્મા છું. આહાહા! અને ભગવાન આત્મા અરૂપી અમૂર્તિક. એ મારા આત્માને જાણતો નથી તો મને કેવી રીતે કહી શકે એ? એની આંખ વડે તો હું જાણાઉં નહીં. એની આંખ વડે તો આ (શરીરરૂપી) કોથળો જણાય છે. એ કોથળાનું નામ રવિચંદ છે, તને કાંઇ કહ્યું નથી. હે અજ્ઞાની જીવ! તને તો કાંઇ કહ્યુ નથી. આ પ્રત્યક્ષ હમણાં પાંચ માણસોની વચ્ચે મારી આબરૂ પાડીને અને મને કહ્યું. કે તને તો કાંઇ કહ્યું નથી, હે અજ્ઞાની જીવ!

આ જગતથી જુદી વાત છે. આ જગત અજ્ઞાની જીવો, એના જે વ્યવહારો, એનાથી જુદી વાત છે. **તને કાંઇ પણ કહ્યું નથી.** હે અજ્ઞાની જીવ! અમને ખબર છે. અમને ખબર છે તું ઊભો છો અને સામેથી શબ્દ નીકળ્યો અને એણે શબ્દ કાઢયા, એમ પણ મેં જાણ્યું. પણ અમે તો એમ જાણીએ છીએ કે તને તો કાંઇ કહ્યું નથી. બે જણા તમે ઊભા હતા અને ત્રીજો હું જુદો ઊભો હતો, જ્ઞાની કહે. પણ મેંતો એમ કે, તને કાંઇ કહ્યું એમ તો મને કાંઇ ખબર પડતી નથી. તે શું કામ માથે લઈ લીધું કે આ મને કહ્યું?

આ શાંતિનો ઉપાય છે. આપણી શાંતિ આપણે શોધવાની છે. **તને કાંઇ પણ કહ્યું નથી; તું અજ્ઞાની થયો થકો**, મને કહ્યું-મને કહ્યું-મને કહ્યું-મને કહ્યું, આહાહા! મને કહ્યું એમ તું માનીશ, એ તારું અજ્ઞાન છે. તને તો કાંઇ કહેતા નથી શબ્દો, કે તું મને ગ્રહણ કર, જાણ. તો **રોષ શા માટે કરે છે**? એના પ્રત્યે શા માટે તું ગુસ્સો કરશ? આહાહા! તને તો કાંઇ કહ્યું નથી. તું તો જ્ઞાતા આત્મા છો અને એ (શબ્દ) જ્ઞાતાનું જ્ઞેય પણ નથી. તું એને જાણતો પણ નથી. એને જાણનારું તો ઇન્દ્રિયજ્ઞાન જુદું છે. ઇન્દ્રિયજ્ઞાનથી જુદું જ્ઞાન, એ આત્માનું છે, એ આત્માને જાણે છે. ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, આહાહા!

બહુ વાતો. હજી આ તો બે ગાથા સામાન્ય કથન છે. પછી હજી ત્રીજી ગાથાથી મૂળ શરૂ થશે. મૂળ શું કહેવું છે આચાર્ય ભગવાનને, એ ત્રીજી ગાથાથી આવશે. જુઓ!

**તું રોષ શા માટે** ગુસ્સો **કરે છે** એની માટે? આહાહા! મને કાંઇ કહ્યું નથી. તને કાંઇ કહ્યું નથી, મને કાંઇ કહ્યું નથી. મને કાંઇ કહ્યું નથી તો મારે ગુસ્સો કરવાનું કારણ કાંઇ છે નહીં.

એક બનાવ એવો બન્યો, આ દાખલો આપું તો ખ્યાલ આવે કે શું છે પરિસ્થિતિ? પરિસ્થિતિ શું છે આ? કે સાસુ-વહુનો ઝગડો રોજ થાય અગાઉના કાળમાં. હવે તો ફેરફાર થઇ ગયો. હવે તો ઝગડો થાય તો વહુ કહે મારે જુદું થાવું છે. એટલે જુદા થઇ જાય પછી તો ઝગડો મટી જાય. અત્યારે તો સંયુક્ત કુટુંબ જેવું કાંઇ છે નહીં. ક્યાંક-ક્યાંક છે. આહાહા! બહુ ઝગડો થાય, રોજ ઝગડો થાય, અને સાસુએ બોલે અને વહુ પણ પાછુ ફટકારે, સામસામા. આહાહા! પછી વહુ થાકી. એક જ્યોતિષી પાસે ગઇ. કે ભાઇ! અમારે આ મને બહુ દુ:ખ આપે છે મારી સાસુ. કે શું થાય છે? કે તું ઇતિહાસ કહે મને. કે એ બે બોલે અને હું ચાર બોલું. એ બે શબ્દ બોલે તો એની સામે હું ચાર પટકવું (શબ્દ બોલું). ઠીક. આ ઝગડો ચાલું છે? કેટલા ટાઇમથી છે? કે ઘણાં ટાઇમથી ચાલું છે. આનો કાંઇક ઉપાય તમે બતાવો. મારે તો સુખી થાવું છે.

તો (જ્યોતિષી) કહે, જો હું એક તને દોરો કરીને આપું છું ને, એનો તું હું કહું એમ પ્રયોગ કરજે. મંત્ર બંત્ર કાંઇ હતો નહીં. એણે ગાંઠો વાળી. સાત ગાંઠ વાળી એટલે ગાંઠ તો મોટી થાયને દોરાની, ગાંઠ મોટી. આ મંત્રેલી ગાંઠ છે. એ જ્યારે બોલે ત્યારે બે દાઢની વચ્ચે તારે ગાંઠ દબાવી રાખવી. જરાય પોચી કરવા દઇશ મા. એ કર્યો પ્રયોગ એણે તો જઇને. ઓલી બોલ્યા કરે, બોલ્યા કરે, અગાઉના કાળમા. કાંઇ બોલતી નથી? કાંઇક મોઢામાંથી ફાટને? એટલે બે દિ, ચાર દિ, ઓલી (સાસુ) બોલવા માંડી! ઓલી (વહુ) તો કાંઇ પ્રતિ-ઉત્તર આપે નહીં. ગાંઠ બે દાઢ વચ્ચે દબાવી રાખે. થાકી ગઇ સાસુ. સાસુ થાકીને બંધ થઇ ગઇ. એના ઘરમાં શાંતિ થઇ ગઇ.

કે તને ક્યાં કાંઇ કહ્યું છે, આચાર્ય ભગવાન કહે. વહુને કહે છે કે તને ક્યાં કાંઇ કહ્યું છે? શબ્દ રૂપે પરિણમે છે તો પરિણમે. થાકીને બંધ થઇ જશે એની મેળે. એમ તારી કોઇ નિંદા કે સ્તુતિ કરતો હોય તો એ શબ્દનો સ્વામી થઇશ મા. મૌન રહેજે, એમ! ગાંઠ તો નહીં પણ મૌન રહેજે. આફળયો થાકી જશે.

એક વખત, પચાસ વર્ષ પહેલાની વાત છે. પચાસ-પંચાવન. ગાંધીજીનો જોર હતો અને હરિજન બંધુ છાપો પાડતાં હતા પોતે. પોતે લેખ આમાં લખે, અઠવાડિયે. તો એક ગામડાની અંદર, કોઇ સેવક હતો. પ્રામાણિક. સેવાભાવી. હવે, એના પ્રત્યે એની વાહ-વાહ તો થાય. સેવા કરે એની વાહવાહ તો થાય કે નહીં? એટલે કેટલાકને ગમી નહીં, ઇર્ષ્યા થઇ ગઇ! કે આને કેમ પાડી દઉં, હવે? ઇર્ષ્યામાં એક ધંધો એવો છે, ઇર્ષ્યાનો. એના પુણ્યના ઉદયને સહન કરી શકે નહીં. એટલે એના ઉપર આક્ષપે મૂકવા માંડયા બધા ભેગા થઇને. કે આ ચોરી કરે છે, ને ખાઇ જાય છે પૈસા, આમ ને તેમ, ખુબ એને હેરાન કરવા માંડયા.

એટલે એણે પત્ર લખ્યો ગાંધીજીને. કે હું પ્રામાણિકપણે આટલા વર્ષથી સેવા કરું છું ગામની, છતાં મારા પર આ લોકો ખુબ ખોટા આરોપ મૂકે છે અને મને હેરાન કરે છે. આનો ઉપાય શું? એ કૃપા કરીને મને લખો. એટલે ગાંધીજીએ બે લીટીમાં ઉપાય કહ્યો કે એનો તારે કાંઇ બચાવ કરવો નહીં, પ્રતિકાર કરવો નહીં. બોલતાં-બોલતાં બોલવા દયો, થાકી જશે એની મેળે. એની મેળે (થાકી જશે). એક મહિનો, બે મહિના, ચાર મહિના થયા, થાકી ગયા બધા, સમજાણું? આહાહા! એટલે ગાંધીજીએ એમ કહ્યું કે તું એ વાત એની સાંભળ મા, એમ! તને કાંઇ કહે છે ક્યાં? એમ કરને તું! એની મેળે બધુ થશે!

એમ, ગુરુદેવ, જ્યારે એનો ઉદય થયો, રમેશ, ત્યારે મોટી હલચલ મચી ગઇ, છપાઓમાં. આહાહા! આવે ખૂબ! સ્થાનકવાસી, શ્વેતાંબરે કરી કર્યો હલ્લો, અને પછી દિગંબરોએ હલ્લો કર્યો. આહાહા! ત્યાગી અને વિદ્વાનોએ બધાએ હલ્લો કર્યો, બહુ. તો એ લોકો જવાબની રાહ જોયા કરે. જવાબની રાહ જોયા કરે કે એના આત્મધર્મમાં આપણા વિરુદ્ધ કાંઇ પણ આવશે હવે. આપણે એને ઉશ્કેરીએ તો આપણને જવાબ તો આપશેને કાંઇક? તો એમ કરતાં કરતાં, એક, સુરેન્દ્રનગરમાં, એક ભાઇ, ખૂબ કાદવ ઉછાળ્યો ગુરુદેવ વિરુદ્ધ.

એમાં રામજીભાઇ એક વખત તૈયાર થઇ ગયા. ગુરુદેવને કહ્યું, હું સુરેન્દ્રનગર જાઉં છું. કેમ ભાઇ જાવ છો સુરેન્દ્રનગર? શું એના મનમાં સમજે છે, આપણાં વિરુદ્ધ? બેસી જાવ. શાંતિથી બેસી જાવ. ક્યાંય આપણે સુરેન્દ્રનગર જાવું નથી. એતો ઉકળી જાય બહુ. સમજી ગયાં, ફાઇટ આપે હોં! આહાહા! સૌરાષ્ટ્રમાં પહેલા નંબરનો વકીલાત કરી છે. પ્રસિદ્ધ, પ્રામાણિક. મુરબ્બી રામજીભાઇ! શાંતિ રાખો, આપણે કાંઇ બોલવું નથી. એની મેળે બધું શાંત થઇ જશે. કોઇ દિવસ ગુરુદેવે પ્રત્યુત્તર જે વિરોધી જીવોને આપ્યો જ નથી. આહાહા!

કરુણા કરે અરે! એને સમજાતું નથીને એટલે વિરોધ કરે છે. જ્યારે સમજાશે ત્યારે વિરોધ એની મેળે મટી જશે. આહાહા! એવા બનાવ તો ગુરુદેવ ઉપર અવારનવાર બન્યા. મુંબઇમાં પણ એક વાર બનાવ બનેલો. અહીં તો બન્યા જ કરે, સમજી ગયાં? હંમેશા જ્ઞાનીઓ જ્યારે પાકે છે ત્યારે

સત્ય વાત કહે છે. તો સત્યના આગ્રહવાળા તો હોયને? વ્યવહારના પક્ષવાળા. એને ગમે ક્યાંથી? એટલે વિરોધ તો કરે. પછી એક જણાએ કહ્યું, આહાહા! આ એની જે પોલીસી (policy) છે જવાબ ન આપવાની, એમાં એની જીત થઇ ગઇ. જો જવાબ આપ્યા કરત તો એ હારી જાત.

આ ગુરુદેવ બહુ કહે, આપણે શું? આપણે શું? સ્વાધ્યાય કરો. બસ! આપણે બીજું આપણું કાંઇ કામ નથી. એ આપણને ક્યાં કહે છે એ? આપણે એને ક્યાં સાંભળીએ છીએ? આહાહા! એમ કરીને પોતે પોતામાં મસ્ત રહેતા હતા. એની મેળે શાંતિ બધી થઇ ગઇ. આસ્તે-આસ્તે બધું સબસાઇડ (subside) થઇ ગયું.

એમ, આચાર્ય ભગવાન કહે છે તને ક્યાં કોઇ કાંઇ કહે છે? તું શું કરવા માથે ઓઢી લે છે? મફતનો દુ:ખી થાશ? મને કહ્યું, મને આમ કહ્યું, હું આમ કરી નાખું, હવે આમ કરી નાખું, હવે આમ કરી નાખું, હવે આમ કરી નાખું, સામે પાછું લખી નાખું, કોર્ટમાં જાઉં ને નોટિસ આપુંને. અરે! રહેવા દે ને તને કાંઇ કહેતા નથી. આચાર્ય ભગવાન કહે છે તને કાંઇ કહ્યું જ નથી. પણ સાહેબ! મને કહ્યું છે ને? તને કહ્યું નથી. અજ્ઞાની એમ તું મફતનો અજ્ઞાની થઇને મને કહ્યું, મને કહ્યું, મને કહ્યું, (એમ માની)ને દુ:ખી થઇ રહ્યો છો. સુખી થાવું હોય તો (એમ માન કે) મને કાંઇ કહેતા નથી.

મને કાન નથી. કાનનો મારામાં અભાવ. દ્રવ્યઇન્દ્રિયનો મારામાં અભાવ. અને ભાવઇન્દ્રિયનો ઉઘાડ જે શબ્દને ગ્રહણ કરે, એ ગ્રહણ કરે એટલે જાણે. ગ્રહણ કરે એટલે શબ્દને એ જાણે છે, કોણ? ભાવઇન્દ્રિય! આત્મા કે આત્માનું જ્ઞાન એ શબ્દને જાણતું નથી. આહાહા! તો તને ક્યાં કાંઇ કહે છે? શાંતિ રાખને પ્રભુ. એની મેળે બધું (શમી જશે). આહાહા! ઘીના ઠામમાં ઘી ભળી જશે. તું તારું કામ કરી લે. આહાહા! પોતે પોતાનું કામ કરીને ચાલ્યા ગયા. અને આ પણ એક પ્રકારનો આપણને ઉપદેશ આપતા ગયા કે કોઇ તારો વિરોધ કરે તો શાંતિ રાખજે. પ્રતિકાર કરીશ મા. આહાહા! જો પ્રતિકાર કરીશ તો-તો એકદમ વધારે થાશે લડાઇ. જામશે. પણ હવે એ લાઇન (line) લેવી કે અપનાવવી, કાંઇ સાધારણ વાત નથી.

સમતાના ઘરમાં બેઠું રહેવું અને વિષમભાવ થવા દેવો નહીં. આહાહા! હું તો જાણનાર છું. મને તો કાંઇ કહેતા નથી. અને જેને કહે છે એ શરીર તો મારું છે નહીં. મારા આત્માને તો દેખતા નથી. કોને કહે છે? થઇ રહ્યું. થોડાક ટાઇમમાં તો એ થાકી જશે બિચારો બોલી બોલીને. ઓલી સાસુ થાકી ગઇને, એલ કઇં બોલતી નથી કાંઇ? ત્રણ-ત્રણ દિવસ થયા હું તને કહું છું. બરાબર (મોઢામાં) દબાવી રાખ્યો, હોં! એક શબ્દ બોલે નહીં. થાકી ગઇ (સાસુ), એમ બધા થાકી જવાના છે. આહાહા! ઇર્ષ્યાની આગથી શું થાય ને શું ન થાય એ કહી શકાય નહીં. અજ્ઞાની શું કરે અને શું કરે નહીં એનો કાંઇ પત્તો (નથી).

ટોડરમલજી જેવા! આહાહા! એને હાથીને નીચે જુવોને, (મારી નાખ્યા). એની સ્થિતિ, એવી તો ઘણી સ્થિતિઓ આવી ભૂતકાળમાં પ્રથમાનુયોગની વાંચીએ આપણે, તો એવો ઉપસર્ગ તો આવ્યા જ કરે જ્ઞાનીઓ ઉપર, આવે. આહાહા! અરે! મારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પરનો પ્રવેશ નથી. પરિણામનો પ્રવેશ નથી તો પરના શબ્દનો પ્રવેશ તો ક્યાંથી હોય? એના છાપા, તો એનો કાગળ બગડે ને એની શાહી બગડે, મને શું લેવા-દેવા. હું તો એને જાણતો જ નથી, આહાહા! કાગળ

આવે એટલે વાંચ્યા વગર ફાડી નાખજે ને! વાંચીશ મા. અને શાસ્ત્ર વાંચજેને એ ટાઇમે. અને એ( કાગળ) ફાડીને પછી શાસ્ત્રનો સ્વાધ્યાય કરીશ તો શાંતિ થઇ જશે તને, આહાહા! આવું સંસારમાં તો ચાલ્યા જ કરે, આહાહા! અરે માનસિક શાંતિ પણ આમાં આવે અને આત્મિક શાંતિ પણ અંદર ઊંડો ઊતરે તો કામ થઇ જાય.

ૐ